ગાંધીનગર સમાચાર

તા. ૨૨-૫-૨૦૧૩, બુધવાર

## તંત્રી સ્થાનેથી.....

### આભાસી સંબંધોની સંતાકૂકડી

જ્યારે પણ આપણા દેશ સાથે બે મહત્વનાં પાડોશી રાષ્ટ્રો સંબંધો વધારવા કે સુધારવાની વાત કરતાં હોય છે ત્યારે એમને પણ ખબર હોય છે કે તેઓ 'ડિપ્લોમેટિક કર્ટસી' જ દાખવતાં હોય છે. જે દેશની સરહદો સતત સળગતી રાખવામાં જ એમને પોતાની કૂટનીતિનો વિજય વરતાતો હોય એની સાથે સંબંધો સુધારવાની વાત એ નરી આત્મવંચના છે. ચીન અને પાકિત્સાનને આવી આત્મવંચનાનો છોછ કે શરમ નથી. સામ્યવાદી ચીનના ઘડવૈયા માઓઝેડાંગ (માઓ-ત્સે-તુંગ) ભાઈબંધીની ભાષામાં માનતા નથી. તેમનું જાણીતું સૂત્ર છે તે મુજબ ૨૦૧૩ની ચીની સરકાર પણ સત્તા તોપના નાળચામાંચી જન્મતી હોવાનો સિદ્ધાંત સ્વીકારે છે. ગાંધીજીની જેમ ચીનના રાષ્ટ્રપિતા પ્રાર્થનામાં કે સત્ય અહિંસા જેવા આધ્યાત્મિક આદર્શોમાં નહોતા માનતા. એમણે તો રાજયશાસન વ્યવસ્થામાંથી ધર્મનો એકડો જ કાઢી નાખ્યો હતો. આજે ચીનના વડાપ્રધાન ભારત સાથેના અઢી હજાર વર્ષ જૂના સંબંધોની દુહાઈ આપી વણસેલા સંબંધો સુધારી લેવાનું આશ્વાસન આપતા હોય તો એનો 'ડિપ્લોમસી'થી વિશેષ અર્થ કાઢનાર ભીંત ભૂલે છે. ચીન વિશ્વની પહેલા નંબરની મહાસ્તા બનવાની દિશામાં નક્કર પગલાં ભરી રહ્યું છે. એની ખંધી રાજરમતથી કોણ વાકેફ નથી? દુનિયા પર છવાઈ જવા માગતા ચીની ડ્રેગનની દાઢમાં ઝેર છે. એ દાઢ ખેંચી કાઢવાના મનસૂબા સેવતી વિશ્વની પ્રસ્થાપિત મહાસત્તાઓને એની પ્રચંડ તાકાતનો અહેસાસ અને અનુભવ છે. ચીન ભાગ્યે જ સામી પાર્ટીની શરતોને અનુકૂળ થતું હોય છે. એના વિસ્તારવાદી વલણથી અમેરિકા જેવો શક્તિશાળી દેશ પણ વાજ આવી ગયો છે. છતાં કઠોર વાસ્તવિકતા એ છે કે અમેરિકાને પોતાની ગરજે ચીન સાથે સાનુકૂળ સંબંધો રાખવા પડે છે. તિબેટને ધોળે દિવસે ગળી જનાર ચીન સામે લાલ આંખ કરવાની કોઈની હિંમત નથી. વડાપ્રધાન લી કેકિયાંગની શુભેચ્છા મુલાકાતની ફળશ્રુતિ રૂપે બેઉ રાષ્ટ્રો વચ્ચે આઠા મહત્વના કરાર થયા છે. વાસ્તવિક નિયંત્રણ રેખા પર હાલ પ્રવર્તતી 'જૈસે થે' સ્થિતિ જળવાશે એવા કરારથી ફાયદો તો ચીનને જ થયો છે. એનો અર્થ એટલો જ કે ૧૯૬૨ના યુદ્ધ વખતે દબાવેલો ભારતીય પ્રદેશ ચીનના કબજામાં જ રહેશે. ભારત એના આ દાંડ પાડોશી સાથે બિનજરૂરી વિવાદ ટાળવામાં જ શ્રેય સમજતું રહ્યું છે. તેથી દલાઈ લામાને રાજયાશ્રય આપ્યો હોવા છતાં એણે તિબેટ મુદ્દે ચીનની અડોડાઈ બાબતે હરફ સરખો ઉચ્ચાર્યો નથી. તિબેટને ચીનના કબજા હેઠળના સ્વશાસિત (ઑટોનૉમસ) રાજય તરીકેનો દરજ્જો અપાવો જોઈએ, એવી રજૂઆત કરવાની હિંમત પણ આપણી સરકાર દાખવી શકી નથી. એ જ રીતે દક્ષિણ ચીની સમુદ્રના ટાપુના મામલે પણ કશી ચર્ચા છેડાઈ નથી. બ્રહ્મપુત્ર નદી પર ડૅમ બાંધવા પૂર્વે ચીને ભારતનું વલણ જાણવાની પરવા નહોતી કરી. ગુપ્તચરો મારફત મોડી મોડી જાણ થઈ અને ભારત સરકારે વાંધો ઉઠાવ્યો ત્યારે ચીને થાબડભાણાં કરી વાત આટોપી દીધી હતી. હવે એ ચોમાસાની ઋતુ દરમિયાન ૧ જૂનથી ૧૫ ઑકટોબર સુધી એનાં હાઈડ્રોલિક થાણાંના જળ સ્તર અને જળ પ્રવાહ વિશે ભારતને દિવસમાં બે વાર માહિતી આપશે, જેથી નીચાણના વિસ્તારોમાં પૂરની તારાજી કે સંભવિત વિનાશક જળપ્રલય સંદર્ભે ભારત સાવચેતી રાખી શકે. આર્થિક બાબતોની ચર્ચા માટે બંને દેશો ત્રણ કાર્યજૂથો રચશે. કૈલાસ માનસરોવરની યાત્રા વધુ સુવિધાપૂર્ણ અને સુરક્ષિત રીતે સંપન્ન થાય એ દિશામાં પણ ચીન સાનુકૂળ પગલાં ભરશે. આ ઉપરાંત દક્ષિણ ચીની સમુદ્રમાં અવરજવર પર અંકુશ નહીં લાદવાની અને વિવાદાસ્પદ 'સ્ટેપલ વિઝા' વિવાદ ઉકેલવાની અડધીપડધી ખાતરી આપીને તથા શહેરી વિકાસ તેમજ સાંસ્કૃતિક સંબંધો વધુ મજબૂત કરવાનું લોલીપોપ ચડાટી ચીની વડાપ્રધાન એમના બગલબચ્ચા જેવા 'નેચરલ ઍલાઈ'- કુદરતી સાથી રાષ્ટ્ર પાકિસ્તાનની શુભેચ્છા મુલાકાતે ઊપડી ગયા છે!

## ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અંતરની મર્યાદા દૂર થતા એક લાખ વિદ્યાર્થિનીઓને સાયકલ સુવિધા મળશે

ગાંધીનગર, તા. ૨૧

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી રમણલાલ વોરાએ એક અખબારી નિવેદનમાં જણાવ્યું છે કે, તાજેતરમાં યોજાયેલ વિધાનસભાની સામાન્ય ચૂંટણી સમયે ભારતીય જનતા પાર્ટીએ સંકલ્પ પત્રમાં આપેલ વચન પ્રમાણે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સૂચનાથી નાણાંમંત્રીશ્રી નિતિનભાઈ પટેલે એમના નાણાંકીય પ્રવચનમાં હકારાત્મક વલણનો સંકેત આપ્યો હતો, તેના અનુસંધાનમાં રાજ્ય સરકારે કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે, ખાસ કરીને પછાતવર્ગોની કન્યાઓને વધુ પ્રોત્સાહન આપવા માટે ધોરણ-૯માં અભ્યાસ કરતી કન્યાઓને સાયકલ આપવા માટેના અંતરની મર્યાદાના માપદંડો હટાવી લીધા છે.

ધોરણ-૮માં અભ્યાસ કરતી કન્યાઓને સાયકલ આપવા માટે ગ્રામ્ય વિસ્તારમાં ૨.૫ કિ.મી. અને શહેરી વિસ્તારમાં ૩.૦૦ કિ.મી.ની મર્યાદા હતી, જેને કારણે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારની કન્યાઓને બાજુના ગામે અભ્યાસ માટે પગે ચાલીને જવું પડતું હતું. વિદ્યાર્થીનીઓની આ મુશ્કેલી દૂર કરવા માટે રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે કે, હવે પોતાના રહેઠાણની અન્ય ગામ/શહેર/સ્થળે અભ્યાસ કરવા જતી હોય તેવી ધોરણ-૯માં અભ્યાસ કરતી કન્યાઓને સ્થળના અંતરની મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય વિદ્યાર્થીનીઓને સાયકલ આપવામાં આવશે. આગામી શૈક્ષણિક સત્ર એટલે કે જુ-૨૦૧૩ થી આ સુધારેલ નીતિનો અમલ કરવામાં આવશે, જેના કારણે અનુસૂચિત જાતિ, જનજાતિ અને આર્થિક રીતે પછાત વર્ગની કન્યાઓને સાયકલનો લાભ મળવાના કારણે તેઓ વધુ સારી રીતે અભ્યાસ કરી શકશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી અંતીયાળ વિસ્તાર સહિતની પછાત વર્ગની આશરે એક લાખ દીકરીઓ વધુ ઉત્સાહથી અભ્યાસ કરી શકશે. કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારે ભરેલ આ પગલું આગામી દિવસોમાં ખૂબ અસરકારક નિવડશે તેમ અંતમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું.




સાહેબ કાર્બાઈડવાળી કેરી ખાવા કરતા આ ખાવ, અમાં નથી સેકરીન, કલર કે હાર્મોનનાં ઈન્જેક્ષન મારેલા કે નથી ઓઈલથી ચમકાવેલી... એકદમ નેચરલ...

## પેન્શનર્સ સમાજ સેક્ટર-૧ના વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ અંતર્ગત માર્કશીટ મંગાવાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર પેન્શનર્સ સમાજ સેક્ટર-૧ના પ્રમુખ એસ.ડી.આર. મલીકના જણાવ્યા પ્રમાણે ધોરણ-૧ થી ૯માં ૭૫ ટકા કે તેથુ વધુ માર્કસ લાવનાર વિદ્યાર્થીઓ અને ધોરણ-૧૦ અને ૧૨માં ૮૦ ટકા કે તેથી વધુ માર્કસ લાવનાર વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ પેન્શનર સમાજ સેક્ટર-૧ દ્વારા યોજાશે જેના ભાગરૂપે બાળકો પાસેથી માર્કશીટની નકલ મંગાવવામાં આવી છે.

સેકટર-૧માં રહેતા દરેક નિવાસીના બાળકો કે જેઓના આ વર્ષે બોર્ડની પરીક્ષામાં ૮૦ ટકા અથવા તેનાથી વધારે ગુણ હોય તેઓએ માર્કશીટની ઝેરોક્ષ નકલ પર પોતાનું નામ, સરનામુ, ટેલિફોન નંબર, બાળકો સાથેનો સંબંધ લખી સંસ્થા મંત્રી અશોકભાઈ શાહ, પ્લોટ નં. ૨૬૧/૨, સેક્ટર-૧-સી ને ૧૫મી જૂન-૨૦૧૩ સુધીમાં પહોંચતી કરવાની રહેશે. ધોરણ-૧ થી ૯ના પેન્શનર સમાજ, ગાંધીનગરના સભ્યોના પૌત્ર, પૌત્રી, દોહિત્ર કે દોહિત્રી જેઓએ વાર્ષિક પરીક્ષામાં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવ્યા હોય તેઓનું પણ સન્માન કરવામાં આવશે. વિદ્યાર્થીઓએ પણ વિગતો ૨૭મી મે સુધીમાં અશોકભાઈ શાહને પહોંચતી કરવાની રહેશે.

## બોર્ડના વિદ્યાર્થીઓએ જાતિના દાખલા માટે શાળામાં જરૂરી દસ્તાવેજ રજૂ કરવાના રહેશે

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ધો. ૧૦ અને ધો. ૧૨માં અભ્યાસ કરતાં અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓને જાતિનો દાખલો શાળામાં બોર્ડના પરિણામ સાથે મળી રહે તે હેતુથી બોર્ડના વિદ્યાર્થીઓ પાસેથી જરૂરી ડોક્યુમેન્ટસ શાળામાં મંગાવાયા છે. વિદ્યાર્થીઓએ ૨૫મી મે થી ૩૦મી મે સુધી જરૂરી આધાર પુરાવા સાથે ફોર્મ ભરીને આપવાના રહેશે.

આદિજાતિ વિકાસ તકેદારી અધિકારીએ જણાવ્યું છે કે, ધો. ૧૦ અને ધો. ૧૨ની સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓ તેમની શાળામાંથી જાતિના દાખલાના ફોર્મ ૨૫મી મે થી ૩૦મી મે સુધીમાં જરૂરી આધારપુરાવા સાથે ભરીને શાળામાં પહોંચતા કરવાના રહેશે. વિદ્યાર્થીઓએ જાતિનો દાખલો મેળવવા માટે શાળામાં પોતાનું એલ.સી., પિતાનું એલ.સી, પિતાનું જાતિનું પ્રમાણપત્ર, રહેઠાણ પુરાવો, સરકારી ક્વાટર્સમાં રહેતા વાલીએ મકાન ફાળવણીનો ઓર્ડર, પિતાશ્રી જમીન ધરાવતા હોય તો ૭/૧૨ અને ૮/અ ના ઉતારાની ૭૩ એ એ એન્ટ્રીવાળી નકલ રજૂ કરવી. જાતિ સ્પષ્ટ થતી ન હોય તેવા કિસ્સામાં કાકા, દાદાના શાળા છોડ્યાના એલ.સી.ની ખરી નકલ સાથે તલાટી કમ મંત્રી પાસેથી પેઢી અંગેની વિગતો રજૂ કરવી અને પાસપોર્ટ સાઈઝના બે ફોટા આપવાના રહેશે. ડોક્યુમેન્ટ્સની પ્રમાણિત નકલો તૈયાર કરી શાળામાં ફોર્મ ભરી જરૂરી હોય તેવા ડોક્યુમેન્ટ્સ ઓરીજનલ પણ રજૂ કરવાના રહેશે. તે માટેનું આગોતરૂ આયોજન વાલીઓએ કરવાનું રહેશે.

## બોર્ડ દ્વારા પ્રસિદ્ધ થયેલ પરિણામ અંગે ઉગ્ર રોષ

ગાંધીનગર, તા. ૨૧

બોર્ડ દ્વારા મેડિકલ તથા પેરામેડિકલ કોર્સમાં પ્રવેશ માટે ધોરણ-૧૨ (સાયન્સ) ગૃપ-બી વિદ્યાર્થીઓ માટે લીધી હતી.

બોર્ડ દ્વારા તા. ૧૪મે ગુજકેટની આન્સર કી જાહેર થઈ હતી. બોર્ડને મળેલ અનેક ફરિયાદો પર પુષ્નતા વિચારણા તા. ૧૫મે રોજ સુધારેલ આન્સર કી. બોર્ડ વેબસાઈટ પર મુકેલી પરંતુ તા. ૨૦મીએ ગુજકેટના અંતિમ પરિણામો બોર્ડ ગંભીર ક્ષતિ જણાય છે.

રાજયના વિદ્યાર્થીઓને અપેક્ષાથી વિરૂદ્ધ બોર્ડ સુધારેલ છેલ્લી આન્સર કી મુજબ ગુણ આપવાને બદલે અગાઉની જૂની આન્સર કી પરિણામ જાહેર કરેલ છે. જેથી તેજસ્વી વિદ્યાર્થીઓની કારકીર્દી જોખમમાં મુકાઈ છે. તજજ્ઞ સમિતિએ પુષ્નતા વિચારણા કરી સુધારેલ આન્સર કી મુજબ ગુણપત્રક મળવાની આશા રાખી બેઠેલ છે.

## ગુજકેટની પરીક્ષામાં ઈન્ફોસીટી સ્કૂલના વિદ્યાર્થીઓનું ઉત્કૃષ્ટ પરિણામ

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ આયોજિત ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ માટેની ગુજકેટની પરીક્ષામાં ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓએ ૯૦ ઉપર માક્સ લાવી ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે.

શાળાના આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણીએ જણાવ્યું છે કે ધોરણ-૧૨ના ચોથા સેમિસ્ટરના બાયોલોજી વિષયના વિદ્યાર્થીઓ માટે લેવાતી ગુજકેટની પરીક્ષામાં ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના ૫૦માંથી ૩૫ વિદ્યાર્થીઓ ૯૦ ઉપરનાં માર્કસ લાવી ઉત્તીર્ણ થયા છે. ગાંધીનગરમાં ૧૦૦ ટકા પરિણામ લાવનાર અને ૯૦ કરતા વધુ ગુણ ધરાવતી શાળાઓમાં અવ્વલ આવનાર એક માત્ર શાળાના વિદ્યાર્થીઓને આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણી અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

## પ્રથમ યોગા યુનિવર્સિટીનું ગુરૂવારે શહેરમાં ઉદ્‌ઘાટન

### વિશ્વની પ્રથમ યોગા યુનિવર્સિટી બનશે : યોગની વિદ્યાને સામાન્ય લોકો સુધી પહોંચાડવા માટે નવતર પ્રયોગ થયો

અમદાવાદ, તા. ૨૧

ભારતીય સંસ્કૃતિમાં યોગનું આગવું મહત્વ છે. પ્રાચીનકાળથી અત્યાસ સુધી યોગ એ એક વ્યક્તિ દ્વારા બીજાઓને શીખવામાં આવવાની પ્રથાના આધારે યોગની પ્રથા સચવાઈ રહી છે. ત્યારે હવે આ યોગની વિદ્યાને સામાન્ય લોકો સુધી પહોચાડવા અને માટે એક નવતર પ્રયોગ થવા જઈ રહ્યો છે. જેમાં ભારતમાં પ્રથમ વખત અમદાવાદમાં યોગા યુનિવર્સિટી શરૂ થવા જઈ રહી છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ૨૩મે ના રોજ સવારે ૧૦ કલાકે ગાંધીનગર સરખેજ હાઈવે ઉપર બાલાજી મંદિર નજીક આ યોગા યુનિવર્સિટીનું ઉદ્‌ઘાટન કરશે. જેના વિવિધ અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓ આગામી શૈક્ષણિક સત્રથી પ્રવેશ મેળવી શકશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદમાં લકુલીશ યોગા યુનિવર્સિટીના નામે પ્રથમવાર એક એવી શૈક્ષણિક સંસ્થા શરૂ થવા જઈ રહી છે જ્યાં માત્રને માત્ર વિવિધ પ્રકારના યોગનું શિક્ષણ મળશે.

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં બજેટ સત્રના દરમિયાન લકુલીશ યોગા યુનિવર્સિટી સ્થાપવાનો કાયદો પસાર કર્યો હતો. અને તેના માટે બજેટ પણ ફાળવવામાં આવ્યું હતું. આ યોગા યુનિવર્સિટીમાં ૩૫ વર્ષની વય સુધીના યુવાનો માટે ૬ સેમિસ્ટરમાં ત્રણ વર્ષનો યોગા અભ્યાસક્રમ છે જ્યારે ૩૫ થી ૮૦ વર્ષની વયની વ્યક્તિઓ માટે કર્મ જ્ઞાન ભક્તિની સંયુક્તિ ડિગ્રી આપવામાં આવશે. યુનિવર્સિટીના સત્તાવાળાઓનો દાવો છે કે યોગાનું શિક્ષણ અને ડિગ્રી આપનાર આ વિશ્વની પ્રથમ યુનિવર્સિટી છે. ગાંધીનગર સરખેજ હાઈવે પર બાલાજી મંદિરની નજીક લકુલીશ યોગા યુનિવર્સિટીનું બિલ્ડીંગ પણ તૈયાર કરી લેવામાં આવ્યું છે અને ૨૩મે ના રોજ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આ યુનિવર્સિટીનું ઉદ્‌ઘાટન કરશે ત્યારે વિકંલાગો દ્વારા યોગાસનોનું પ્રદર્શન કરવામાં આવશે.

## શ્રેયસ ફાઉન્ડેશને ડ્રોઈંગ અને કેલીગ્રાફી વર્કશોપ યોજ્યો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના શ્રેયસ ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં બે દિવસની ડ્રોઈંગ અને કેલીગ્રાફી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડ્રોઈંગ અને કેલીગ્રાફી વર્કશોપમાં ૫૫ બાળકોએ ભાગ લઈ ડ્રોઈંગની અને કેલીગ્રાફીની તાલીમ મેળવી હતી. વર્કશોપમાં કેલીગ્રાફી નિષ્ણાંત સદફનાઝ શેખે બાળકોને ડ્રોઈંગ સ્કીલ અને કેલીગ્રાફી સ્કીલ શીખવી હતી. બાળકોએ પણ અદમ્ય ઉત્સાહ દાખવ્યો હતો.

## ગૌરવ પુરસ્કૃત સ્વ. સોમાભાઈ મિસ્ત્રીના ચિત્રોનું પ્રદર્શન યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી અમદાવાદના સચિવ જીતેન્દ્ર ઠક્કરે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ૨૪મી મે ના રોજ રવિશંકર રાવળ કલા ભવન ખાતે તસવીરકાર સ્વ. સોમાભાઈ મિસ્ત્રીની તસવીરોના પ્રદર્શનનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાશે.

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા આયોજીત અને ગૌરવ પુરસ્કારથી સન્માનીત તસવીરકાર સ્વ. સોમાભાઈ મિસ્ત્રીની તસવીરોના પ્રદર્શનનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ તા. ૨૪મી મે-૨૦૧૩ના રોજ સાંજે ૪ કલાકે રવિશંકર રાવળ કલા ભવન લૉ ગાર્ડન, ભાઈકાકા ભવન સામે, એલિસબ્રિજ, અમદાવાદ ખાતે યોજાશે. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનર આર.એમ. જાદવના વરદ હસ્તે યોજાનાર ચિત્ર પ્રદર્શન ૨૪ થી ૨૮મી મે સુધી બપોરના ૧૨ થી સાંજના ૭ વાગ્યા સુધી જનતાના લાભાર્થે ખુલ્લુ મુકાશે.

## આ ઘડિયાળો પણ આપણા વિરોધ પક્ષ જેવી જ, કોઇ દિવસ સરખો સમય ન બતાવે, દરેકને પોતાનો અલગ ચોકો...

### હળવી વાત...

અનંત. ન. વ્યાસ

અમારા ઘરમાં ત્રણ ઘડિયાળ છે. એક જૂથની વ્યક્તિઓને સાથે સ્થાન અપાય તો રાજકારણમાં હાથ - ધોવાનો વારો આવે. તેવી સરકારી ભીતિ અમને પણ લાગેલી. તેથી ત્રણે ઘડિયાળો અલગ - અલગ પ્રકારની રાખી છે. એક છે લોલકવાળી - પાંચમા દાયકાવાળી - અડવાણીજીની ઉંમરની. બીજી છે અદ્યતન ડિજીટલ - યુવાન વયની ને ત્રીજી ડબ્બો... તમે કહેશો આ ડબ્બા તો સાવ આઉટ ઑફ ડેઈટ થઈ ગયો છે. પણ ના ભાઈ જરા જુઓ - આપણા રાજકારણમાં એંશી પરના કેટલા દોડે છે. અને હા. અમારો ડબ્બો તો જબરો આલાર્મ બજાવે છે. 'પાડોશીઓ જાગી જાય ને ન જાણતા હોય તે જાણી લે.'

કમનસીબે ડબ્બાને રાજકારણનો ચેપ લાગ્યો છે. માટે કસમયે બીનજરૂરી ગબારા ફેંકે રાખે છે. જયારે લોકોને સાચી વાત પર તો જગાડવાના હોય ત્યારે અલાર્મ વાગે જ નહીં ને, ને પેલી ટકોરાવાળી ઘડિયાળ તો સાવ મનમોજી ... ગમે ત્યારે ગમે તેટલા ટકોરા વાગે... સુપ્રીમ કોર્ટ કેટલા ટકોરા વગાડે છે - પણ આ સરાકર - મનમોજી... અમે પણ સરકારની જેમ ટકોરાની ગણતરી નથી કરતા... ઘડિયાળ છે તે સમય થાય તો ટકોરો પડે... એમાં ચમકવાનું નહિ... પણ એક સારૂં ડિજિટલ ઘડિયાળ સાવ મૌનીબાબા. આ કયારેક કયારેક તો બોલે...

આ ઘડિયાળો પણ આપણા વિરોધ પક્ષ જેવી જ. કોઈ દિવસ સરખો સમય ન બતાવે. દરેકને પોતાનો અલગ ચોકો... ઘડિયાળ સમજે. સમય કઈ સિદ્ધાંત નથી. તેથી આપણે આ સિદ્ધાંતની લપમાં ન પડવું. કુતરાઓને હાડકામાં રસ હોય - કોનું છે તેમાં નહિ. ગમે તેના મોઢામાં ઓ ચુસાય તો હાડકું જ... અને શંકરાચાર્યએ વર્ણવેલા કુતરા જેવા આજના કુતરા અજ્ઞાની નથી કે પોતાનું લોહી ચાટી ખુશ થાય. લોહી તો જનતાનું જ ચુંસાય...

ઘણીવાર ત્રણે ઘડિયાળ એકતા પણ સાધે. ત્રણે સાથે બંધ પડી જાય. ત્યારે હું પાડોશી - છોકરા ચંદુને પૂછું. ચંદુ કેટલા વાગ્યા? ચંદુ તુરંત સામો સવાલ કરે... 'અંકલ તમારી પાસે મોબાઈલ નથી...?' ને પછી એ દસ વરસના ટેંણિયાએ મને મોબાઈલમાં સમય જોતા શીખવાડી દીધું... ને બસ.... મને પણ મનમોહનસિંહજી જેમ જશ આવી ગયું. વડાપ્રધાનને કહ્યું હતું ને જેને ટોકો પાછો ખેંચવો હોય તે ભલે ખેંચે... તમારે બંધ પડવું હોય તો ભલે... હવે હું સમય શોધી લઈશ... થોડી લંગડાતી. પણ કમસે કમ એક વર્ષ તો ચાલશે. ૨.૧૪ માં તો... કદાચ સર્વિસ - ઓઈલિંગ થાય તો પાછી સરસ ચાલે... જોઈએ...

મોબાઈલની કામ - ક્ષમતા જોતાં મને લાગ્યું. અલગ દત્તાત્રેયજીના યુગમાં જન્મ્યા હોત તો મોબાઈલને પચ્ચીસમો ગુરૂ બનાવત. મોબાલિ જેમ આપણો લેન્ડ લાઈન ફોન પણ સદ્‌ગુરૂનું સ્થાન લે તેવો છે. જે જ્ઞાન પ્રાપ્ત કરતાં વરસો વહ્યા જાય - એવું બ્રહ્મજ્ઞાન પાંચ જ મિનિટમાં આપી દે - પાંચ મિનિટ પહેલાં ફોન કર્યો હોય ને પછી ઉપાડીએ તો 'ડેડ' શું થયું. કેમ થયું શું ખબર પડે. દેહ-ક્ષણ ભંગુર છે ને જીવ કયારે ઊડી જાય તે નક્કી નહિ તે સમજ તુરત પ્રાપ્ત થાય... કયારેક તો એવું બને કે વાત ચાલતી હોય ત્યાં જ વચ્ચે કમાઈ જાય... ને વાત પુરી થાય તે પહેલાં જ 'મરી જાય' કહો આવી અનિશ્ચિતતાનું જ્ઞાન ફોન વિના કોણ આપે? આ તો સારૂં છે કે ગાંધીનગરમાં છીએ. તેથી ફરિયાદ તુરંત લક્ષ્યમાં લેવાય. બાકી લાઈટનો ફોન - લેનાર પણ પસ્તાય. ને લેનાર પણ પસ્તાય...

પણ મૂળ વાત તો ઘડિયાળની ચાલતી હતી. કથાકાર વચ્ચે વચ્ચે નવી વાતો જોડે તેવું થયું... આ ઘડિયાળની જાતિ તો મહિલાનીને? બાયપેયજીને ત્રણ મહિલાઓ જ નડતી. અમને ત્રણ ઘડિયાળો નડે છે. બહાર - જવા કોના સમયનો આધાર લેવો તેવો પ્રશ્ન થાય. ચાણક્યે પણ કહ્યું છે કોઈ એક પર વિશ્વાસ ન રાખવો. અમે પણ એ નીતિ અનુસરી બે વચ્ચેનો સમય જ પસંદ કરીએ છીએ. આ તો આપણા વડાપ્રધાન સદ્‌ભાગી ગણાય કે એકના આધારે જ ટક્યા છે. મમતા બેનર્જીને બંગાળ મોકલી દીધા. તે પણ સમજી વિચારીને...

જયોતિન્દ્ર દવેએ ઘડિયાળને ચાવી આપતાં પોતે કેવી ઘડિયાળને ચલાવે છે તેનું ભાષ્ય કરતાં લખ્યું, 'પછીનું આખું અઠવાડિયું ઘડિયાળ મને ચલાવે છે. દોડાવે છે. અને વડાપ્રધાનશ્રીને પણ કયારેક આવી ભ્રાન્તિ થાય છે કે સરકાર ચલાવું છું... પણ ખરેખર તો જનતા જ તેને ચલાવી રહી છે. નિભાવે છે. જે રીતે કૌભાંડો પ્રગટ થાય છે ત્યારે - ઓંખા - અનિરૂદ્ધ કથા યાદ આવે છે. કારણ બાણાસુરના પ્રધાનનું નામ કૌભાંડ હતું. આ કૌભાંડ અમરતાનું વરદાન પામેલ છે. ગમે ત્યારે ગમે ત્યાં ફૂટી નીકળે જ. વળી... અણિમા... લધિમા આદિ યૌગિક સિદ્ધિ પણ કૌભાંડ પાસે છે. બે - પાંચ કરોડથી માંડી લાખ-કરોડ જેવા ઉચ્ચ સ્થિતિએ પણ પહોંચે. કૌભાંડકાર - આ સદગૃહસ્ય આવી શિક્ષા કયાંથી પામ્યા હશે. એક નાટક છે. 'ઉધારચંદ' તેનો નાયક શિક્ષક છે અને પોતાના વિદ્યાર્થીઓને જનતા પાસેથી ઉધાર માંગવાની વિવિધ ટ્રીક શીખવે છે. કદાચ દિલ્હીમાં આવી સ્કૂલ ચાલતી હશે કે પછી અમારા ગામમાં બે અનુભવી વૃદ્ધો બાળકોને શાક- દાતણ કેમ ખરીદવા તે શીખવતા... ભુજમાં એક ભાઈ તરતા શીખવતા... તેમ દિલ્હીમાં પણ અનૌપચારિક શિક્ષણ વ્યવસ્થા હશે...'

આ બદા શિક્ષાપ્રાપ્ત તો ખરા જ - હવે જે પ્રાપ્ત થશે તો શિક્ષા જ હશે. જો આપ કો પાસે નામ - સરનામા હોય તો કૃપ્યા જણાવશો. મારી ઘડિયાળને એ કામ વધારે ગમશે...

## ઈજનેરીમાં પ્રવેશ માટે ફોર્મ ૨૨ મેના બદલે ૨૪ મેથી ભરાશે

### બુક્લેટ વિતરણમાં વિદ્યાર્થીઓ હેરાન થયા બાદ હવે ઓનલાઇન રજીસ્ટ્રેશનમાં પણ બે દિવસનો વિલંબ

અમદાવાદ, તા. ૨૧

ઈજનેરી અને ફાર્મસીમાં માર્ગદર્શન માટેની બુકલેટા વિતરણમાં બુકલેટ ન મળવાના વિવાદ પછી આજે પ્રવેશ સમિતિ દ્વારા જે ઓનલાઈન રજીસ્ટ્રેશન થવાનું હતું તેની તારીખ બદલી નાંખવામાં આવી છે. પહેલા ઓનલાઈન રજીસ્ટ્રેશન ૨૨ મેથી ૩ જૂન સુધી થવાનું હતું જ્યારે હવે ૨૪ મેથી ૫ જૂન સુધી વિદ્યાર્થીઓ રજીસ્ટ્રેશન કરાવી શકશે.

પ્રાપ્ત સુત્રો અનુસાર પ્રવેશ મળે માટે વિદ્યાર્થીઓના માર્ગદર્શન પુસ્તિકાના વિતિરણના વિવાદ પછી આજે સમિતિ દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશન તારીખ બદલવામાં આવી છે. માહિતી પુસ્તિકાના વિતરણમાં વિદ્યાર્થઈઓને માત્ર પીન નંબર મળ્યા હતા. આજે પણ ઘણી બધી જગ્યાએથી વિદ્યાર્થીઓને માહિતી પુસ્તિકા નહીં મળવાની ફરિયાદ મળી છે.

સૂત્રો મુજબ ઈજનેરી અને ફાર્મસીમાં મેરિટ બનાવવામાં સમય લાગે તેમ છે કારણ કે જેઈઈ અને ગુજકેટ બંને માર્ક ગણીને મેરિટ બનાવવાનું હોવાતી અને ઈજનેરી અને ફાર્મસી માટે અલગ-અલગ મેરિટ તૈયાર કરવાનું હોવાથી તેમાં વિલંબ થાય તેમ હોવાથી ઓનલાઈન રજીસ્ટ્રેશનની તારીખ ફેરફાર કરવામાં આવ્યો છે. પહેલા ૨૨મી મેથી ૩જી જુન સુધી રજીસ્ટ્રેશન થવાનું હતું, હવે ૨૪મી મેથી ૫મી જુન સુધી રજીસ્ટ્રેશન કરાવી શકશે અને મેડિકલમાં પ્રવેશ કાર્યવાહી શરૂ થયા પછી ફાર્મસી માટે પ્રવેશ કાર્યવાહી હાથ ધરાશે.

સૂત્રો મુજબ આજે ઈજનેરીની સેલ્ફ ફાઈનાન્સ કોલેજોના સંચાલકોએ મેરિટમાં પ્રેક્ટિકલના માર્ક ગણા માટે શિક્ષણમંત્રી મળીને જોરદાર રજુઆત કરી હતી. સંચાલકોએ ફિઝીકસ અને મેથ્સના માર્ક ફરજીયાત છે જ્યારે ત્રીજા વિષય તરીકે કેમેસ્ટ્રી, બાયોલોજી, બાયો ટેક્નોલોજી કે કોઈપણ ટેકનિકલ વોકેશનલ વિષય પસંદ કરી શકાય છે. ત્રણેય વિષયના થઈને ૪૫ ટકા હોય તેને પ્રવેશ માટે એલિજીબલ ગણાય છે.

સૂત્રો મુજબ ગુજરાત સિવાયના બીજા રાજ્યો પંજાબ રાજસ્થાન, મધ્યપ્રદેશ વગેરેમાં આજ રીતે મેરીટ ગણીને પ્રવેશ અપાય છે, તો ગુજરાતમાં કેમ નહીં. આવા નિર્ણયથી ગુજરાતના જ વિદ્યાર્થીઓને ગુજરાતમાં જ પ્રવેશ ન મળે તેવી સ્થિતી ઉભી થાય છે.

સૂત્રો મુજબ સેલ્ફ ફાઈનાન્સ ઈજનેરી કોલેજોનાં સંચાલકોએ શિક્ષણ મંત્રીને મળીને આજે ઈજનેરીમાં પ્રવેશ માટે લઘુતમ લાઈકાતમાં પ્રેક્ટિકલના માર્ક ગણાવા જોઈએ તેવી જોરદાર રજુઆત કરી હતી.

### પી.જી. મેડીકલ મુદ્દે કુલપિઓની બેઠકમાં લેવાયેલ નિર્ણય

## ગુજરાતના સ્ટેટ ક્વોટા માટે અલગથી પ્રવેશ સમિતિ નિમાશે

અમદાવાદ, તા. ૨૧

પી.જી. મેડીકલમાં પ્રવેશ માટે કુલપતિએ અને મેડિકલનાડિની બેઠક આરોગ્યમંત્રીને મળી હતી જેમાં પી.જી. મેડીકલમાં પ્રવેશ માટે ગુજરાતની બેઠકોમાં સ્ટેટ કવોટાના પ્રવેશ માટે અલગથી પ્રવેશ સમિતિ બનાવી તે પ્રવેશ સમિતિ દ્વારા પ્રદેશ કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત સૂત્રો અનુસાર મેડીકલમાં પોસ્ટ ગ્રેજ્યુએશનમાં પ્રવેશ માટે સુપ્રીમના ચુકાદા પછી પ્રવેશ કેવી રીતે આપવો તે મુદ્દે વિવાદ થયો હતો સુપ્રીમના નિર્ણય મુજબ જે રાજ્યમાં નીટ સિવાય કોઈ પરીક્ષા ન લેવામાં આવી હોય તે રાજ્યમાં માત્ર નીટના આધારે પ્રવેશ આપે. ગુજરાતમાં પી.જી. મેડીકલમાં પ્રવેશ માટે નીટ સિવાય બીજી કોઈ પરીક્ષા લેવામાં આવી નથી જ્યારે બીજા રાજ્યોમાં નીટ સિવાય બીજી પરીક્ષા લેવાઈ હોવાથી તેના આધારે પ્રવેશ અપાશે. આ મુદ્દે આજે યુનિવર્સિટીના કુલપતિઓ અને મેડીકલના ડિન તથા આરોગ્યમંત્રીની એક બેઠક યોજાઈ હતી જેમાં ગુજરાતમાં મેડીકલની બેઠકમાંથી ઓલ ઈન્ડિયા કવોટા તથા ગુજરત કવોટા અલગ કરી ગુજરાત કવોટાની બેઠકો માટે અલગથી પ્રવેશ સમિતિ બનાવશે.

આ પ્રવેશ સમિતિમાં આરોગ્ય વિભાગના અધિક્ષક તથા જુદી જુદી યુનિવર્સિટીઓના અધિકારીની કેન્દ્રિય ધોરણે પ્રવેશ સમિતિ બનાવાશે. આ પ્રવેશ સમિતિ કેન્દ્રિય ધોરણે માત્ર નીટના આધારે જ પ્રવેશ આપશે તથા એમ.બી.બી.એસ ના માર્ક ગણાશે નહિ તેવો નિર્ણય કરવામાં આવ્યો છે.